# સાસુ સાચી માવડી…વહુ વહાલનો દરીયો…!

--દીનેશ પાંચાલ

માણસ એકલે હાથે દુનીયાભરનાં યુદ્ધો જીતી શકે; પણ સંસારની છાવણીમાં પોતાનાં સ્વજનો સાથે લડવામાં એ જીતી શકતો નથી. અર્જુને માત્ર એક જ વાર વીષાદયોગ અનુભવ્યો હતો. સંસારીઓએ સતત વીષાદયોગ અનુભવવો પડે છે. યુદ્ધમાં બંદુક હોય…અહીં મનદુઃખ હોય. યુદ્ધમાં દુશ્મનો પર વાર કરવાનો હોય…અહીં સ્વજનો સાથે તકરાર કરવાની હોય. સમજો કે એક હાથે તલવાર ઉંચકી બીજા હાથ પર ઘા કરવો પડતો હોય છે. એથી ક્યારેક જીવતો નખ કપાઈ ગયા જેવી વેદના થાય છે. તેમાંય સાસુવહુના ઝઘડા વચ્ચે દીકરાની ભુંડી દશા થાય છે. ગમે તેવા બાહોશ ન્યાયાધીશ માટે પણ મા અને પત્નીનો ન્યાય કરવાનું કામ લોઢાના ચણા ચાવવા સમું મુશ્કેલ બની રહે છે.

સાસુ-વહુ વચ્ચેના આ વૈમનસ્યનાં મનોવૈજ્ઞાનીક કારણો હોય છે. આપણે તેમાં ઉંડા ના ઉતરીએ. પણ એક નક્કર સત્ય સ્વીકારવું રહ્યું. *સાસુને છેવટ સુધી સાથ આપે એવી સાચી દીકરી એની વહુ હોય છે. (અને વહુ જો સમજે તો સાસુ જ એની સાચી મા હોય છે) પોતાની મા ભલે વહાલી હોય; પણ દીકરીએ એને છોડીને સાસરે જવું પડે છે. મા બીમાર પડે ત્યારે દીકરી તેની સેવા કરવા જઈ શકતી નથી. પીયરમાં બીમાર માતા પ્રેશરને કારણે ઢળી પડે ત્યારે તેને પોતાના હાથમાં ઝાલી લેવા માટે ત્યાં વહુ જ હાજર હોય છે. (દીકરી તો દુર, તેની સાસુનાં સુગર-પ્રેશરમાં વ્યસ્ત હોય છે)* સાંસારીક સંબંધોનાં આ સુક્ષ્મ સમીકરણો દરેક સાસુ-વહુએ સમજી રાખવાં જેવાં છે.

કેટલીક સાસુઓ સો માઈલ દુર વસેલી દીકરીને યાદ કરીને જીવ બાળે છે, અને બે ફુટના અંતરે ઉભેલી વહુને ધીક્કારે છે. સાસુ-વહુના સંબંધોમાં આમુલ પરીર્વતન થવું જરુરી છે. સ્ત્રીઓ જ તે શક્ય બનાવી શકે. પારકી દીકરીને પોતાની દીકરી ગણવાનું કામ ધારીએ તેટલું સરળ નથી; પણ મુશ્કેલ પણ નથી. મેં ઘણી એવી વહુ જોઈ છે જે પોતાની મા જેટલો જ પ્રેમ સાસુને પણ કરે છે. સાસુને આઈસક્રીમ વધુ ભાવે છે એ જાણ્યા પછી પોતાની આઈસ્ક્રીમની પ્લેટમાંથી સાસુને અડધું આઈસ્ક્રીમ આપતી વહુ મેં જોઈ છે. અને સાસુ પણ સાચકલી મા કરતાં સવાઈ પુરવાર થાય છે. વહુને ઑપરેશન થીયેટરમાં લઈ જવાય તે ક્ષણથી માંડી, વહુનું ઑપરેશન સારી રીતે થઈ ન જાય ત્યાં સુધી, જીભ પર પાણીનું ટીપું મુકતી નથી. બલકે વહુની ક્ષેમ-કુશળતા માટે બાધા-આખડી પણ રાખે છે. એવી સમજદાર અને પ્રેમાળ સાસુના પરીવારની વાત જ કંઈક નોખી હોય છે. એ દીકરાને કહે છેઃ *'બેટા, આજ સુધી તું ભલે મારા હાથમાં પગાર મુકતો હતો; પણ ઘરમાં ભણેલી વહુ આવી છે. હવે પગાર એને જ આપવાનો હોય. આવતી કાલે આ ઘરનો બધો કારભાર એણે જ સંભાળવાનો છે. વળી તમે બન્ને બહુ વખતથી ક્યાંક બહાર ગયાં નથી. વહુને ક્યાંક બહાર ફરવા લઈ જા…રસોઈનું હું સંભાળી લઈશ…!'*

સાસુ આવો પ્રેમ બતાવે ત્યારે કાળેક્રમે વીના પ્રયાસે ઘરમાં એવો માહોલ બને છે કે દીકરો વહુ માટે સુંદર સાડી લાવે ત્યારે પત્ની બોલી ઉઠેઃ *'સાડી મારે માટે જ કેમ લાવ્યા…? જ્યાં સુધી તમે આવી સાડી બા માટે નહીં લઈ આવો ત્યાં સુધી હું આ સાડીને હાથ પણ લગાડવાની નથી!'* આવા કીસ્સા વીરલ હોય છે. પણ જ્યાં આવો મનમેળ સધાયો હોય તે ઘરના દીકરા નસીબદાર હોય છે.

સાસુ-વહુનાં વૈમનસ્યથી રસોડામાં રણશીંગુ ફુંકાય, ત્યારે આખું ઘર એનો ભોગ બને છે. વહુથી કોઈ ભુલ થઈ ગઈ હોય ત્યારે ગુસ્સો કરવાને બદલે સાસુએ વીચારવું જોઈએ કે એની દીકરી

પણ તેને સાસરે આવી ભુલ કરી શકે. સંસારની પ્રત્યેક સમજદાર સાસુ તેની વહુ જોડે પ્રેમથી વર્તવાનો નીર્ણય કરે તો દરેક માતાને એ વાતની રાહત થઈ શકે કે હવેથી એની દીકરીને પણ સાસરામાં મહેણાંટોણાં સાંભળવાં નહીં પડે. પ્રત્યેક દીકરીએ કાને ધરવા જેવી વાત છે કે પીયરની પ્રીત તો દુધીયા દાંત જેવી હોય છે. ભાઈ-બહેન કે માબાપ દુર રહી જાય છે. સ્ત્રી એક ભવમાં બે ભવ કરવાનું પસંદ કરતી નથી; પણ એક જન્મમાં બે પરીવાર એણે કરવાં પડે છે. પીયરનો અધ્યાય પતે છે અને સાસરામાં સ્ત્રીનો નવો જન્મ થાય છે. પતી-સાસુ-સસરા-નણંદ એ છેવટ સુધી સાથ દેનારા પરીવાર સ્વજનો છે.

સમજદાર વહુ આત્મચીંતન કરે તો એને સમજાય છે કે મારા પતીને સાસુજીએ જન્મ આપ્યો છે. એની પરવરીશ કરીને એને ઈન્સાન બનાવ્યો છે. મને જે રેડીમેઈડ પતી કમ પ્રેમી મળ્યો છે તેમાં સાસુની ભુમીકા નાની સુની નથી. નાનપણમાં અનેક પ્રકારનાં દુઃખો વેઠીને મને મારી માએ મોટી કરી છે, તેમ મારા પતીને પણ મુશ્કેલી વેઠી સાસુએ મોટો કર્યો છે. બૅન્કમાં ૨૫ વર્ષ પુર્વે મુકેલી ડીપૉઝીટ ચાર-પાંચ ગણી થઈને આપણને મળે છે. ત્યારે બૅન્કનો આપણે આભાર નથી માનતા. પણ પચીસ વરસનો એક ફુટડો યુવાન કોઈ કન્યાની સેંથીમાં સીંદુર પુરે ત્યારે મા-બાપની કાળજી, મહેનત, લાગણી, પરવરીશ બધું જ એમાં સામેલ હોય છે. મા-બાપની ૨૫ વર્ષની તપસ્યા બાદ એક દીકરો અમૃતફળ બનીને વહુના હાથમાં આવે છે. એ સંજોગોમાં કન્યાએ : *'ગુરુ ગોવીંદ દોનોં ખડે...કીસકો લાગુ પાય...?'* જેવી ભાવના દાખવવી જોઈએ. અને પહેલાં પ્રણામ પતીને નહીં, સાસુ-સસરાને કરવાં જોઈએ.

વહુ જયારે પ્રથમવાર પતીગૃહે પ્રવેશ કરે છે ત્યારે ઉંબર પર ચોખાથી ભરેલો લોટો જમણા પગે ઘરમાં પાડીને પ્રવેશ કરે છે. આવા રીવાજનું શું લોજીક હશે તેની ખબર નથી; પણ એ વેરાયેલા ચોખાનો પ્રત્યેક દાણો શબ્દનું રુપ ધારણ કરે તો કંઈક આવી મંગળ ભાવના જન્મી શકે : *'બા, આજથી તમે જ મારી સાચી મા છો. તમે મને માત્ર વહુ જ નથી બનાવી; તમારા સંસારનું મહત્ત્વનું અંગ બનાવી છે. મને જીંદગીભર સુખદુઃખમાં સાથ આપે એવા મારા જીવનસાથીને તમે જતનથી જાળવીને મોટો કર્યો છે. અને તેના હાથમાં મારી જીંદગી આપી છે. મારા જીવનની એ મુલ્યવાન ભેટ છે. એથી પતી કરતાંય પહેલો ચરણસ્પર્શ હું તમારો કરું છું. બા, નાનપણમાં તમારો દીકરો માંદો પડ્યો હશે, ત્યારે તમે ખાવા-પીવાનું છોડી એની દીનરાત સેવા કરી હશે. એને નોકરીમાં સફળતા મળે તે માટે સદા પ્રાર્થના કરી હશે. તમારી પરવરીશથી એ કાબેલ ઈન્સાન બની શક્યો. મારું જીવન પણ હવે એની સાથે જોડાયેલું છે. બા, પરોક્ષ રીતે તમારાં પ્રેમ, વાત્સલ્ય અને પરવરીશનો જ પ્રસાદ હું પામી શકી છું. મારી માતાએ મને માત્ર જન્મ આપ્યો છે. તેમણે મને પારણાથી માહ્યરા સુધી પહોંચાડી; પણ સાસરાથી સ્મશાન સુધીની લાંબી મુસાફરી માટે સુખની બધી સામગ્રી તમે તૈયાર કરી છે. તમે માત્ર મંગળસુત્ર નથી આપ્યું; તમારો સુપુત્ર આપ્યો છે. મારી માએ વળાવતી વેળા બૅગ તૈયાર કરીને આપી હતી તેના કરતાંય તમે મને જે આપ્યું છે તે અમુલ્ય છે. મારા ભાગ્યના સુખની ચાવી તમે તૈયાર કરી છે.તમે મારાં બા નહીં, મા થઈને રહેજો. હું પણ તમારી વહુ નહીં, દીકરી થઈને રહીશ ! મારી કાંઈ ભુલ થાય તો મને માફ કરજો અને તમારી વહાલી દીકરી ગણી મારી ભુલ સુધારજો...!*

યાદ રહે, સાસુ-વહુ બન્ને સ્ત્રી છે. સ્ત્રી ખરાબ હોતી નથી. સંસારલક્ષ્મી હોય છે. બન્ને થોડી સમજદારી દાખવે તો સૌનો સંસાર જરુર *'સ્વીટ હોમ'* બની શકે. બેસ્ટ ઑફ લક...!'

## ધુપછાંવ:

દુનીયાની તમામ સાસુઓ અને વહુઓ પરસ્પર સામેની ફરીયાદ લઈને ઈશ્વર પાસે પહોંચી. ઈશ્વરે તેમને સમજાવતાં કહ્યું-- તમે માતા છો, બહેન છો, સાસુ છો અને વહુ પણ છો. તમે જ સંસારની

સાચી શોભા છો. દરેક દીકરીની બાજુમાં સાસુ ઉભી હોય છે, માતા હોતી નથી. પેલી વાર્તામાં આવે છે તેમ હાથને કોણીએથી વાળ્યા વગર ભોજન કરવું હોય તો એક સ્ત્રી બીજીને ખવડાવે તો કોઈ ભુખ્યું ના રહે આટલી જ સમજદારી દાખવશો તો, પ્રત્યેક ઘરમાં રહેતું સાસુ-વહુનું જોડું માદીકરી જેટલું જ સુખી થઈ શકશે. (લેખકના આગામી નવા પુસ્તક-'સ્ત્રી : સંસારલક્ષ્મી' માંથી સાભાર..)

◆●◆

--દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, નવસારી-396 445-ભારત
ફોનઃ (02637) 242 098 મોબાઈલ : 94281 60508


શ્રી. દીનેશભાઈ પાંચાલ


સૌ.ચંદનબહેન પાંચાલ

## લેખક-પરીચય

બેન્ક ઑફ બરોડામાં ૩૧ વર્ષ સેવા આપ્યા બાદ **શ્રી. દીનેશભાઈ** પુરા સમય માટે સાહીત્ય-સર્જન ક્ષેત્રને સમર્પીત છે. તેમની સાહીત્ય-યાત્રામાં એમને પુરો સાથ મળ્યો છે એમનાં સાહીત્ય-મર્મજ્ઞ પત્ની **ચંદનબહેન**નો. દીનેશભાઈનાં બધાં લખાણોને કમ્પ્યુટર પર ટાઈપ કરવાનું, પ્રુફ-રીડીંગ કરવાનું સઘળું પોતાનું સમજી પોતે જ રસપુર્વક કરે. તે એટલે સુધી કે પોતે જાતે કશું લખતાં ન હોવા છતાં તેમને મોઢે કદીક 'અમારા આ લેખમાં તો...' એવા શબ્દો અનાયાસે નીકળી પડે. પતીના સર્જનમાં એવું તો તાદાત્મ્ય ! સાહીત્યીક કાર્યક્રમોમાં પણ બન્ને સાથે જ હોય. મીત્રોએ એમને સસ્નેહ 'સારસ-બેલડી'નું બીરુદ આપ્યું છે. બંને નીજાનંદે સુખી જીવ..સાહીત્ય-સર્જનને તેઓ તેમની 'કો-ઍક્ટીવીટી' ગણાવે છે.

દીનેશભાઈ આમ તો વર્ષોથી લખે છે. સુરતના દૈનીક, **'ગુજરાતમીત્ર'**ની રવીવારીય પુર્તીમાં નીયમીત પ્રગટ થતી એમની સાપ્તાહીક કટાર **'જીવનસરીતાને તીરે'**ને ખુબ આવકાર, આદર અને લોકચાહના મળ્યાં અને એમને સફળ સર્જક તરીકે પ્રસ્થાપીત કર્યા. ગુજરાતની ટોચની પ્રકાશન સંસ્થાઓએ એમનાં ૯ પુસ્તકો પ્રકાશીત કર્યાં છે.

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી 4,63,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના 6,500 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ગાંધી-સ્મરણ



જે નાના ફેરફારો નહીં કરી શકે, તે મોટા ફેરફારો કરવાની કળા કદી હાથ નહીં ધરી શકે. પોતાની શક્તીમાં રહેલી બધી વસ્તુઓ કરનાર પોતાની શક્તી નીત્ય વધારતો જશે, અને છેવટે જે

ફેરફારો તેને મોટા લાગતા તે નાના જેવા લાગતા જશે.
--મો. ક. ગાંધી (**'હરીજનબંધુ'**:૩ નવમ્બર ૧૯૩૫) પાન : ૨૩૫

●

ક્યાંય પણ શું એવું બંધારણ છે, જેમાં કોઈ ફેરફાર કરાવવા ઈચ્છે તો ન કરાવી શકે ? બંધારણમાં ફેરફાર જ કરવા જેવું ન હોય એવું બંધારણ તો કોણ રચી શકે ?
--મો. ક. ગાંધી (**'હરીજનબંધુ'**: ૨૨ નવેમ્બર ૧૯૩૬) પાન: ૨૩૫

●●

આપણા દેશના દોષો પ્રત્યે સહાનુભુતી રાખવી અથવા તેને છુપાવવા, એ દેશભક્તીને લજાવવા જેવું છે. દેશના દોષોનો વીરોધ કરવો, એ સાચી દેશભક્તી છે.
--મો. ક. ગાંધી (**'નવજીવન'**: ૨૭ ઓક્ટોબર ૧૯૨૯) પાન : ૧૬૦

●●●

## ગાંધીજીની ખાસીયતો

ગાંધીજીની કેટલીક ખાસીયતો જાણવા જેવી છે.

તેઓ કદી ધીરા ચાલતા નહોતા; પણ હંમેશાં ચેતનથી ચાલતા. તેઓ કદી ઢીલા બેસતા નહોતા. હંમેશાં ટટ્ટાર અને સ્થીર આસન લગાવીને બેસતા.

તેઓ ટેબલ પર અઢેલીને લખતા નહોતા. ટટ્ટાર બેસી ઘુંટણ પર કાગળ રાખીને જ લખતા. તેઓ લખેલું ફરીથી વાંચ્યા વગર આગળ જવા દેતા નહોતા. પોસ્ટકાર્ડ લખે તો પણ વાંચી, સુધારાવધારા કરવા ઘટે તે કરી, પછી જ ટપાલમાં નાખતા.

તેઓને સ્વચ્છતા અને સુઘડતા ઘણી પ્રીય હતી, તેથી તેમનાં કપડાંલત્તાં અને બીજી ચીજો હંમેશાં સ્વચ્છ અને ટાપટીપથી રહેતી હતી. જે કંઈ કામ કરતા તે ગાંધીજી ઝીણવટથી કરતા.

ગમે તેવા કામમાં હોય તો પણ કોઈ બાળારાજા આવી ચડે તો ગાંધીજી જરા જરા ગેલ કરી લીધા વીના ભાગ્યે જ રહેતા.

વાતચીત કરતાં ગાંધીજી ખડખડાટ હસીને ફુલ વેરતા.
--જુગતરામ દવે (પાન : ૯૮)

●●●●

'ગાંધી-ગંગા'-ભાગ-એક (સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ગોપાલ મેઘાણી, લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. **23**, ભાવનગર-364 001, પૃષ્ઠ : **244**, મુલ્ય : **30** રુપીયા, વીદેશમાં : **$ 5** વીમાન-ટપાલખર્ચ સાથે)માંથી સાભાર-- સંપર્ક : **lokmilaptrust2000@yahoo.com**

◆●◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **121** -- સપ્ટેમ્બર **30, 2007**
'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ -સુરત-
**sunras22266@gmail.com**

◆●◆ ◆●◆ ◆●◆